**વડોદરાની કલેક્ટર કચેરીને મળ્યો ધમકીભર્યો ઈ-મેલ મળતા તંત્રમાં દોડધામ**

# બરોડા ડેરી 'ઠરાવ વિવાદ': લોકશાહી ઢબે પ્રશ્નોનું નિરાકરણ લાવવા ચૂંટણી અધિકારી સક્રિય

**સુખદ** ઉકેલ તરફ: "દૂધ ઉત્પાદકોના હિતમાં નિષ્પક્ષ ચૂંટણી યોજવા માટે વડોદરા જિલ્લા વહીવટી તંત્રની કવાયત તેજ




(પ્રતિનિધિ) વડોદરા, તા.18
વડોદરા જિલ્લાની સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા 'બરોડા ડેરી'ની આગામી ચૂંટણીને મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન કરવા માટે વહીવટી તંત્ર દ્વારા સક્રિય કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણી મતદાન માટેના ઠરાવો બાબતે ઊભી થયેલી ગેરસમજને દૂર કરવા માટે આજે વહીવટી તંત્ર અને ચૂંટણી અધિકારી દ્વારા બંને પક્ષોને સાંભળીને લોકશાહી ઢબે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની ક્ષતિ ન રહી જાય તે હેતુથી, કેટલીક દૂધ મંડળીઓ (જેવી કે આતુના મુવાડા, ધોરાકૂવા, જેસર વગેરે) દ્વારા રજૂ કરવામાં આવેલા ઠરાવોની ચકાસણી કરવામાં આવી રહી છે. મંડળીના સભ્યો અને પ્રમુખો દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆતોને વહીવટી તંત્રએ ખૂબ જ ગંભીરતાથી લીધી છે.

આજે બપોરે યોજાયેલી બેઠકમાં ચૂંટણી અધિકારીએ બંને પક્ષોની દલીલો શાંતિપૂર્ણ રીતે સાંભળી હતી, જેથી સાચા અને કાયદેસરના ઠરાવોને માન્ય રાખી શકાય. ચૂંટણી અધિકારીની નિમણૂક બાદ હવે પ્રક્રિયા વેગ પકડી રહી છે. ડેરીના સભ્યોની જાગૃતિને કારણે વહીવટી તંત્ર પણ દરેક પાસાની ઝીણવટભરી તપાસ કરી રહ્યું છે.

જી. બી. સોલંકીએ આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, સંસ્થાની છબી જાળવી રાખવા અને નિયમ મુજબ કામગીરી કરવા માટે તમામ વિગતો ચૂંટણી અધિકારીને સુપરત કરી દેવામાં આવી છે. ડેરી સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના હિતમાં, ચૂંટણી અધિકારી અને ડેરીના MD દ્વારા આવેદનપત્રો સ્વીકારીને યોગ્ય તપાસની ખાતરી આપવામાં આવી છે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ એ જ છે કે દરેક દૂધ મંડળીનો સાચો અવાજ અને મત ચૂંટણી સુધી પહોંચે. બરોડા ડેરીની આ ચૂંટણી પ્રક્રિયા જે રીતે વહીવટી તંત્ર દ્વારા હેન્ડલ કરવામાં આવી રહી છે, તેનાથી સહકારી ક્ષેત્રમાં શુદ્ધતા અને પારદર્શિતા જળવાઈ રહેશે તેવી આશા સેવાઈ રહી છે.

### અમારી પ્રાથમિકતા કોઈને અન્યાય ન થાય : ઉપપ્રમુખ

તંત્ર દ્વારા બંને પક્ષોની વાતો સાંભળવામાં આવી છે. જે કંઈ પણ પ્રક્રિયા થશે તે સંપૂર્ણપણે કાયદાકીય મર્યાદામાં અને પારદર્શક રીતે થશે. કોઈ પણ સભ્યને અન્યાય ન થાય તે અમારી પ્રાથમિકતા છે. : જી બી સોલંકી, ઉપપ્રમુખ

**CUET (PG) 2026 માટે અરજીની અંતિમ તારીખ 14 જાન્યુઆરી, પરીક્ષા માર્ચમાં**

# સીયુજીમાં 20 સ્નાતકોત્તર વિષયોની 640 બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ

કુલ અભ્યાસક્રમો : 20કુલ પ્રવેશ ક્ષમતા : 640 બેઠકો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં સ્નાતકોત્તર અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા CUET (PG) 2026ની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત (CUG)માં શૈક્ષણિક સત્ર 2026-27 માટે કુલ 20 સ્નાતકોત્તર વિષયોની 640 બેઠકો પર પ્રવેશ માટે ઑનલાઈન અરજી પ્રક્રિયા શરૂ થઈ છે.સીયુજીના કુલપતિ પ્રો. અતનુ ભટ્ટાચાર્યે જણાવ્યું હતું કે પ્રવેશ સંબંધિત તમામ વિગતો યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ www.cug.ac.in પર ઉપલબ્ધ છે. પાત્રતા માપદંડો પૂર્ણ કરતા ઉમેદવારો 14 જાન્યુઆરી 2026 સુધી અથવા તે પહેલાં CUET (PG) 2026 માટે https://exams.nta.nic.in/registration-for-cuetpg-2026/ પર ઑનલાઈન અરજી કરી શકે છે.

પરીક્ષા નિયામક દર્શન મારૂએ માહિતી આપતા જણાવ્યું કે ઉમેદવારોને અરજી દરમિયાન થયેલી ભૂલો 18 થી 20 જાન્યુઆરી 2026 દરમિયાન સુધારવાની તક આપવામાં આવશે. CUET (PG) પ્રવેશ પરીક્ષા માર્ચ 2026માં યોજાશેઈ

જેના પરીક્ષા કેન્દ્રો અને શેડ્યૂલ સંબંધિત વિગતો એનટીએની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. પ્રવેશ પરીક્ષા સંબંધિત કોઈપણ સહાય માટે ઉમેદવારો helpdesk-cuetpg@nta.ac.in ઈમેલ પર અથવા 011-40759000 / 011-69227700 નંબર પર સંપર્ક કરી શકે છે. સીયુજીના સ્નાતકોત્તર પ્રવેશ અંગેની વધુ માહિતી https://www.cug.ac.in/admission.php»pg-admission પર ઉપલબ્ધ રહેશે.

### સીયુજીમાં વિષયવાર બેઠકોની વિગત

સીયુજીમાં એમ.એ., એમ.એસસી., એમ.એડ. તથા અન્ય અભ્યાસક્રમો સહિત કુલ 20 સ્નાતકોત્તર વિષયોમાં પ્રવેશ આપવામાં આવશે. મોટાભાગના વિષયોમાં 33 બેઠકો, જ્યારે એમ.એ. (હિંદુ અભ્યાસ)માં 13 બેઠકો ઉપલબ્ધ રહેશે.



**અનેક વર્ષોથી ચાલી રહેલા નિસ્વાર્થ સમાજસેવા, રાષ્ટ્રસેવા તથા દિન-દુ:ખીયાની સેવા માટે**

# ગજાનન આશ્રમ માલસરના ગુરુજી વિજયભાઈ જોશીનું વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સલેન્ટથી સન્માન

(પ્રતિનિધિ) વડોદરા, તા.18
નવી દિલ્હી ખાતે ભારત મંડપમના ભવ્ય પ્રાંગણમાં ગજાનન આશ્રમ માલસરના પૂજ્ય ગુરુજી વિજયભાઈ જોશીનું વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સલેન્ટ - ઈંગ્લેન્ડ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન તેમના અનેક વર્ષોથી ચાલી રહેલા નિસ્વાર્થ સમાજસેવા, રાષ્ટ્રસેવા તથા દિન-દુ:ખીયાની સેવા માટેના અવિરત પ્રયાસોના પ્રતિફળરૂપે આપવામાં આવ્યું છે. ગુરુજી વિજયભાઈ જોશી છેલ્લા ઘણા સમયથી આધ્યાત્મિકતા સાથે સમાજ કલ્યાણના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે. ગજાનન આશ્રમ માલસર દ્વારા તેઓ નિ:શુલ્ક સંસ્કૃત પાઠશાળા ચલાવે છે, જેમાં




વિદ્યાર્થીઓને વૈદિક જ્ઞાન, સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિની ઊંડી સમજ આપવામાં આવે છે. પર્યાવરણ અને પ્રકૃતિના શુદ્ધિકરણ માટે વૈદિક યજ્ઞોનું નિયમિત આયોજન કરી તેઓ પર્યાવરણ સંરક્ષણનો મજબૂત સંદેશ આપી રહ્યા છે.

આ ઉપરાંત પૂજ્ય ગુરુજીના માર્ગદર્શન હેઠળ વૃદ્ધાશ્રમનું સંચાલન કરવામાં આવે છે, જ્યાં વૃદ્ધોને માનભેર જીવન જીવવાની સુવિધા મળે છે. કન્યા સહાય યોજના દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોની દીકરીઓને સહાય આપવામાં આવે છે.

નિ:શુલ્ક ચિકિત્સાલય મારફતે આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે, જ્યારે વ્યસન મુક્તિ અભિયાન દ્વારા યુવાનો અને સમાજને નશામુક્ત બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. નર્મદા પરિક્રમા માટે આવતા યાત્રિકો અને વાસીઓ માટે વિવિધ સુવિધાઓ ઊભી કરીને પૂજ્ય ગુરુજી માનવ સેવાને ધર્મ સમજી આગળ વધે છે. ધર્મ, સંસ્કૃતિ અને સંસ્કારોને જીવંત રાખવા માટે તેઓ સતત પ્રવૃત્ત રહે છે, જેનાથી રાષ્ટ્ર વિકાસમાં તેમનું યોગદાન મહત્વપૂર્ણ બની રહ્યું છે.

**૪૨-PHC અને ૯- CHCને કુલ રૂ. ૬૩.૭૫ લાખના ૮૫ લેબર બેડનું વિતરણ**

# જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને કિટ વિતરણ અને સન્માન સમારોહ યોજાયો

કુટુંબ કલ્યાણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ આરોગ્ય વિભાગના ૭૬ જેટલા કર્મયોગીઓને સન્માનિત કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.19
જિલ્લા પંચાયત સ્ટેમ્પ ડ્યુટી ગ્રાન્ટમાંથી વડોદરા જિલ્લાના ૯૦૦ આંગણવાડી કેન્દ્રોને જરૂરી વાસણોનું વિતરણ તથા આરોગ્ય વિભાગની PHC અને CHC કેન્દ્રો માટે લેબર બેડના વિતરણ તથા કુટુંબ કલ્યાણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ અધિકારીશ્રી / કર્મચારીના સન્માનનો કાર્યક્રમ જિલ્લા પંચાયત, વડોદરાના સભાખંડ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગાયત્રીબા મહીડાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગાયત્રીબા મહીડાએ જણાવ્યું હતું કે, આઈસીડીએસ અને આરોગ્ય વિભાગ દ્વારા ખુબ સારી કામગીરી કરવામાં આવી રહી છે. બહેનોને સારી રીતે જાગૃત કરવામાં આવે તો તેઓ ચોક્કસ પોતાની શારિરીક તંદુરસ્તી પ્રત્યે જાગૃત થાય છે. તેમણે આંગણવાડી બહેનોની કામગીરીની સરાહના કરતા બાળક સુપોષિત રહે તે સમગ્ર સમાજની જવાબદારી છે એમ કહી માતાપિતાને પણ જાગૃત બનવા અને બાળકના ખોરાકમાં ફળફળાદી અને લીલા શાકભાજીનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.




**શિલ્પકળાના સૂર્યનો અસ્ત થયો**

# 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સર્જક રામ સુતારનું 100 વર્ષની વયે નિધન

પથ્થરોમાં પ્રાણ ફૂંકનારા પદ્મભૂષણ શિલ્પકારે નોઈડામાં લીધા અંતિમ શ્વાસ; વડાપ્રધાન મોદીએ પાઠવી શ્રદ્ધાંજલિ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સર્જક અને પદ્મભૂષણથી સન્માનિત સુપ્રસિદ્ધ શિલ્પકાર રામ વણજી સુતારનું બુધવારે મોડી રાત્રે નોઈડા સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. તેઓ 100 વર્ષના હતા અને છેલ્લા કેટલાક સમયથી વય સંબંધિત બીમારીઓ સામે ઝઝૂમી રહ્યા હતા. તેમના પુત્ર અનિલ સુતારે આ



દુ:ખદ સમાચાર આપતા જણાવ્યું હતું કે, 17 ડિસેમ્બરની મધ્યરાત્રિએ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. 19 ફેબ્રુઆરી 1925ના રોજ મહારાષ્ટ્રના ધુળે જિલ્લાના ગોંડુર ગામમાં જન્મેલા રામ સુતારને બાળપણથી જ કલા પ્રત્યે આકર્ષણ હતું. તેમણે મુંબઈની વિખ્યાત જેજે સ્કૂલ ઓફ આર્ટ એન્ડ આર્કિટેક્ચરમાંથી ગોલ્ડ મેડલ સાથે અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ત્યારપછી તેમણે ભારતીય શિલ્પકળાને આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવતી લાંબી અને પ્રેરણાદાયી કારકિર્દી બનાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા 'X' પર શ્રદ્ધાંજલિ અર્પતા લખ્યું હતું કે, "શ્રી રામ સુતારજીના અવસાનથી ખૂબ જ દુ:ખ થયું છે. તેઓ એક અદ્ભુત શિલ્પકાર હતા, જેમની નિપુણતાએ ભારતને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' જેવા સીમાચિહ્નો આપ્યા છે. તેમણે આવનારી પેઢીઓ માટે રાષ્ટ્રીય ગૌરવને અમર બનાવ્યું છે." ભારતીય કલામાં તેમના અપ્રતિમ યોગદાન બદલ ભારત સરકાર દ્વારા તેમને પદ્મશ્રી (1999) અને પદ્મ ભૂષણ (2016) થી નવાજવામાં આવ્યા હતા. તાજેતરમાં જ તેમને મહારાષ્ટ્ર સરકાર દ્વારા સર્વોચ્ચ 'મહારાષ્ટ્ર ભૂષણ' પુરસ્કાર પણ એનાયત થયો હતો.

**અજાણ્યા વાહનની ટક્કરે બાઈક સવારનું સ્થળ પર જ કરુણ મોત**

# સિંગવડ તાલુકાના પસાયતા ગામે હિટ એન્ડ રનની ઘટના, એકનું મોત

**ઘટનાથી** પસાયતા ગામ સહિત આસપાસના વિસ્તારોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો



(પ્રતિનિધિ) સિંગવડ, તા.18
સિંગવડ તાલુકાના પસાયતા ગામે સાંજના છથી સાત વાગ્યાના સમયગાળા દરમિયાન ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અજાણ્યા વાહનચાલકે પાછળથી મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા બાઈક સવારનું સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, અજાણ્યા વાહને બાઈકને ટક્કર માર્યા બાદ થોડા અંતર સુધી ઘસડી લઈ ગયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે મોટરસાયકલ ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકો દ્વારા તરત જ 108 ઈમરજન્સી સેવા તેમજ રણધીપુર પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે 108ની ટીમ અને રણધીપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. 108ના ડોક્ટરે તપાસ કરતા બાઈક સવારનું સ્થળ પર જ મૃત્યુ થયાનું જાહેર કર્યું હતું. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિંગવડના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાને લઈ પસાયતા ગામ સહિત આસપાસના વિસ્તારોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

**લાંબા સમયથીએક જ સ્થાને ફરજ બજાવતા કર્મીઓ પર ગાજ**

# ભરૂચાં 5 વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા 70 કર્મીઓની બદલીનો ઓર્ડર

જિલ્લા પોલીસ વડાએ સમગ્ર પોલીસ તંત્રને નવેસરથી ગોઠવવાની કવાયત હાથ ધરી

(પ્રતિનિધિ) ભરૂચ, તા.18
ભરુચ જિલ્લા પોલીસ વિભાગમાં છેલ્લા ઘણા સમયથી બદલીઓનો દોર ચાલી રહ્યો છે. જિલ્લા પોલીસવડા અક્ષયરાજ મકવાણાએ એક મહત્ત્વપૂર્ણ આદેશ કરીને જિલ્લાના 70 જેટલા પોલીસકર્મીઓની આંતરિક બદલી કરી છે. મોટા ભાગના પોલીસકર્મી પાંચ વર્ષથી એક જ જગ્યાએ ચીટકી રહ્યા બાદ ધરમૂળમાંથી બદલીનો ઓર્ડર કરી દીધો છે.મોટા ફેરફારથી પોલીસ બેડામાં આંતરિક ચર્ચાસ્થાને છે. પોલીસ વિભાગ દ્વારા સલામતી દ્રષ્ટિએ સેન્સેટીવ ગણાતા ભરૂચ જીલ્લામાં કાયદો-વ્યવસ્થા સુધારો કરવા માટે આકરો નિર્ણય લીધો છે.લગભગ 56 પોલીસકર્મીઓ છેલ્લા 5 વર્ષ કે તેથી વધુ સમયથી એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોવાથી તેઓને પણ બદલીનો ઓર્ડર મળી ગયો છે.અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને અન્ય 14 પોલીસકર્મીઓની પણ બદલીના આદેશ અપાયા છે.ઉલ્લેખનીય છે કે ઘણા પોલીસકર્મીને ઓચિંતા સારી જગ્યાએ બદલી થઈ હતી.અગાઉ પ્રથમ તબક્કામાં જિલ્લાના અનેક પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરની બદલી કરવામાં આવી હતી. હવે બીજા તબક્કામાં મોટી સંખ્યામાં પોલીસકર્મીઓની બદલી કરીને જિલ્લા પોલીસ વડાએ સમગ્ર પોલીસ તંત્રને નવેસરથી ગોઠવવાની કવાયત હાથ ધરી છે.

## વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી આર્ટસ ફેકલ્ટીનું ગુંબજનુ રિસ્ટોરેશન હાથ ધરાયુ



■ વડોદરા ખાતે આવેલ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી આર્ટસ ફેકલ્ટીનું ગુંબજ એક ઐતિહાસિક અને સ્થાપત્યની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ ઈમરત છે. આ ગુંબજ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલું છે અને તેનું નિર્માણ 1932માં થયું હતું. ગુંબજનું સ્થાપત્ય ઇન્ડો-સારસેનિક શૈલીમાં બનાવવામાં આવ્યું છે, જેમાં ભારતીય અને યુરોપિયન સ્થાપત્યની મિશ્રણ છે. ગુંબજની ઊંચાઈ 105 ફૂટ છે, જે તેને યુનિવર્સિટી કેમ્પસની સૌથી ઊંચી ઈમરત બનાવે છે. ગુંબજની ડિઝાઇનમાં ભારતીય સ્થાપત્યના તત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમ કે મોહરા, જાળી કામ, અને ભીંતચિત્રો. ગુંબજ મહારાજા સયાજીરાવયુનિવર્સિટીનોએકમહત્વપૂર્ણભાગછેઅનેતેનેવડોદરાનાસાંસ્કૃતિકવારસાનોએકભાગમાનવામાંઆવેછે. આ ગુંબજ વડોદરાના લોકો માટે એક મહત્વપૂર્ણ સ્થળ છે અને તેને યુનિવર્સિટીના પ્રતીક તરીકે પણ ગણવામાં આવે છે.

**ગોલ્ડ મેડલિસ્ટમાં 10 તથા સિલ્વર મેડલિસ્ટમાં 8 વિદ્યાર્થીનીઓએ સફળતા મેળવી હતી**

# GSFC યુનિ. દ્વારા સાતમો દીક્ષાંત સમારોહ, 632 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ

**જીવનમાં** ક્યારેય શીખવાનું બંધ ન કરો, સ્થિર રહો, વિનમ્રતાથી નેતૃત્વ કરો : ડો. ટેસી થોમસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
GSFC યુનિવર્સિટીનો સાતમો દીક્ષાંત સમારોહ 18 ડિસેમ્બર 2025ના રોજ ફર્ટીલાઈઝરનગર, વડોદરા ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે સ્કૂલ ઓફ ટેકનોલોજી, સ્કૂલ ઓફ સાયન્સ તથા સ્કૂલ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ એન્ડ લિબરલ આર્ટસના કુલ 632 વિદ્યાર્થીઓને (377 વિદ્યાર્થી અને 255 વિદ્યાર્થીનીઓ) ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. દીક્ષાંત સમારોહના મુખ્ય અતિથિ તરીકે "The First Missile Woman of India" તરીકે જાણીતા



ડો. ટેસી થોમસ, વાઈસ ચાન્સેલર, NICHE, કન્યાકુમારી ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા વિવિધ પ્રવાહોમાં પ્રથમ ક્રમ મેળવનાર 14 વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને 11 વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. નોંધનીય બાબત એ રહી કે ગોલ્ડ મેડલિસ્ટમાં 10 તથા સિલ્વર મેડલિસ્ટમાં 8 વિદ્યાર્થીનીઓએ સફળતા મેળવી હતી. GSFC યુનિવર્સિટીના પ્રમુખ પી.કે. તનેજા (IAS નિવૃત્ત) દ્વારા વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી. દીક્ષાંત પ્રવચનમાં ડો. ટેસી થોમસે વિદ્યાર્થીઓને સતત શીખતા રહેવા, નિર્ભયપણે મોટા સપના જોવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા પ્રેરણા આપી હતી. તેમણે યુવતીઓને વિશેષ સંદેશ આપતા જણાવ્યું હતું કે આત્મવિશ્વાસ અને ધીરજથી દરેક પડકારને તકમાં બદલી શકાય છે.આ પ્રસંગે ગવર્નિંગ બોડી, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, સરકારી અધિકારીઓ, GSFC લિમિટેડના પ્રતિનિધિઓ, ઉદ્યોગજગતના આગેવાનો, વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં રજીસ્ટ્રાર મનીષ પ્રધાન દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ડો. ટેસી થોમસે તેમના દિક્ષાંત પ્રવચનમાં સહુ પ્રથમ પ્રત્યેક સ્નાતક વિદ્યાર્થી તથા તેમના પરિવારજનોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે દરેક પડકાર, ત્યાગ અને સિદ્ધિમાં તમારી સાથે અડગપણે ઉભા રહેનાર તમારા પરિવારોનું યોગદાન પ્રશંસનીય છે. આજે તમારા પરિશ્રમ, ધીરજ, સર્જનાત્મકતા અને અધ્યયનનો એક મહત્વપૂર્ણ મુકામ પૂર્ણ થાય છે તથા સાથે જ નવી સંભાવનાઓ અને જવાબદારીઓથી ભરેલા નવા અધ્યાયની શરૂઆત થાય છે. તેમણે કહ્યું હતું કે જ્યારે આપણો દેશ 'વિકસિત ભારત ૨૦૪૭'ના મહત્ત્વાકાંક્ષી દ્રષ્ટિકોણ તરફ આગળ વધી રહ્યો છે અને ગુજરાત 'વિકસિત ગુજરાત ૨૦૪૭' સાથે પોતાની ગતિ સુસંગત કરી રહ્યું છે, ત્યારે ટકાઉ, ટેક્નોલોજીથી સશક્ત અને આર્થિક રીતે મજબુત ભવિષ્ય ઘડવાની જવાબદારી યુવાનો પર વિશેષ રીતે નિર્ભર છે. તેમણે તેમના જીવનપ્રવાસને દિશા આપનાર કેટલાક સિદ્ધાંતો દીક્ષાર્થીઓ સાથે શેર કરતા જણાવ્યું હતું કે જીવન માં ક્યારેય શીખવાનું બંધ ન કરો, સ્થિર રહો, વિનમ્રતાથી નેતૃત્વ કરો, મૂળોમાં જોડાયેલા રહો અને હમેશા રાષ્ટ્ર માટે વિચારો. દરેક અવરોધમાં વિકાસનું બીજ રહેલું છે અને દરેક પડકાર નવી શક્યતાઓનું દ્વાર ખોલે છે.

**ગ્રાહક માથે ગેસનો બાટલો લઈ સંજેલી નગર સહિત મામલતદાર કચેરીમાં ફરતો જોવા મળ્યો**

# સંજેલી નગરમાં ઈન્ડિયન ગેસ એજન્સી દ્વારા ગેસ ના આપતા મામલતદારનો સહારો

**બે દિવસની** અંદર યોગ્ય કાર્યવાહી ના થાય તો ધરણાં કરવાની ચીમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) દાહોદ, તા.18
સંજેલી નગરમાં ઈન્ડિયન ગેસ એજન્સી દ્વારા આડેધડ બે નંબર યા સાથે મિલી ભગત કરી બારોબાર કાળા બજારમાં ઊંચા ભાવ લઈ રહ્યા છે જેને લઈ ગ્રાહકો સહિત આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ સંજેલી મામલતદારનો દ્વાર ખખડાવિયો. અમને ન્યાય ન મળે તો આવેદન નિવેદન આપવામાં ન આવે હવે તો જનતા રેડ કરીશું? અરજદારે ધારદાર રજૂઆત કરતા મામલતદાર ચોકી ઉઠ્યા મામલતદાર એ આશ્વાસન આપ્યું બે દિવસની અંદર તપાસ કરી જવાબ આપવા અરજદારને કહેતા માહોલ ઠંડો પડ્યો. વધુમાં ગ્રાહકે જણાવ્યું કે ઓનલાઈન બુકિંગ કરવા છતાં અમને બોટલ મળતો નથી સંજેલીમાં ત્રણ ચાર જગ્યાએ એક જ વ્યક્તિને 15 બાટલાઓ આપી ઊંચા ભાવ લઈને એજન્સી અને બે નંબરીયાઓને ઘી કેળા છે. જ્યારે ગ્રાહક કેટલા દિવસથી ધક્કા ખાય હેરાન થતા aap પાર્ટીનો સહારો લઈ મામલતદાર કચેરી દોડી જતા દોડધામ મચી જવા પામી.. સંજેલી નગરમાં મિલ વાળી ચાલી વિસ્તારમાં રજૂઆત મળતા બહેનોને સમયસર ગેસ મળતો નથી જેથી કરીને આજરોજ મામલતદાર શ્રી ને રજૂઆત કરી ઈન્ડિયન ગેસ એજન્સી દ્વારા સંજેલી તાલુકામાં ગેસના બાટલા આપવામાં આવતા નથી તે ગ્રાહકના ઘર સુધી પહોંચાડવામાં આવતા નથી બુકિંગ કરેલા બાટલા પણ બે નંબર આ ચરી જતા હોય છે ગેસના બાટલામાં પણ કઢડા સિસ્ટમ શરૂ થઈ ગઈ છે ગ્રાહકોને પોતાનો ન્યાય મળતો નથી ભાવ છે તેનો પણ પોતાની મનમાની કરી વધુ વસૂલવામાં આવે છે જેથી bjp સરકાર પર પ્રહાર કરી aap ના કાર્યકર્તાએ જણાવ્યું કે ભાજપા સરકારે બહેનોને બાટલો આપ્યા છે સસ્તા બોટલ આપીશું મફત બોટલ આપીશું કરીને બહેનોને બોટલ ભટકાડી દીધા છે પણ બહેનોને કમરતુટી ગઈ છે જેથી બહેનોને ભારે તકલીફ બેઠવાનો વારો આવ્યો છે ભાજપ સરકારે લોલીપોપ આપ્યો છે જેથી હેરાન થવાનો વારો આવ્યો છે બે દિવસની અંદર યોગ્ય કાર્યવાહી ના થાય તો ધરણાં કરવાની ચીમકી ઉચ્ચારી છે અને વધુમાં જણાવે છે કે આવેદન નિવેદન કરવામાં ન આવે હવે તો જનતા રેડ કરીશું ન્યાય ના મળે તો?